Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ ૪૧૫૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૧૭/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ તમામ
જિ.સુરત.

આ સાથે સામેલ મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસ સુરતનો તા.૨૯/૦૫/૨૦૨૪ પત્ર અન્વયે જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણઃ- ઉકત પરિપત્રની નકલ

અગત્યનું
સમય મર્યાદા

નંમક/આવિ/પ્રિ મેટ્રીક/ ૨૧૧૩થી૨૧૧૬ /૨૦૨૪
મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસની કચેરી
સી-બ્લોક છઠ્ઠો માળ બહુમાળી ભવન
નાનપુરા સુરત
ફોન નં./ફેક્સ નં. (૦૨૬૧) ૨૪૭૬૧૮૧
Mail ID : vosurat@gmail.com
તા.૨૯/૦૫/૨૦૨૪

જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, સુરત
આવક નંબર : ૩૨૨૧
તારીખ : ૩૧-૫
સંખ્યા :
સહી :

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પંચાયત, સુરત
(૩) શાસનાધિકારીશ્રી, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, સુરત

વિષય- વર્ષ-૨૦૨૩-૨૪ તથા અગાઉના વર્ષો માટે ધો-૧ થી ૧૦ ના આદિજાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક સ્કોલરશીપની દરખાસ્તનો તાત્કાલિક નિકાલ કરવા બાબત.

સંદર્ભ-(૧) માન. નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, ગુ.રા., ગાંધીનગર તરફથી તા.૨૮/૫/૨૦૨૪ ના રોજ મળેલ સુચના
(૨) અત્રેની કચેરીના પત્ર નં. મક/આવિ/પ્રિમેટ્રીક/ ૫૮૫૪ થી ૫૬/૨૦૨૩ તા.૨૦/૯/૨૦૨૩

જયભારત સહ ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે,સંદર્ભ-૧માં જણાવ્યા મુજબ માન.કમિશ્નરશ્રી, આદિજાતિ વિકાસ, ગુ.રા., ગાંધીનગર એ તા.૨૮/૫/૨૦૨૪ ની સુચનાથી વર્ષ-૨૦૨૩-૨૪ તથા અગાઉના વર્ષની ધો-૧ થી ૧૦ ના આદિજાતિના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક સ્કોલરશીપની દરખાસ્તનો ડીજીટલ ગુજરાત પોર્ટલ પરથી તાત્કાલિક નિકાલ કરવા સુચના આપેલ છે.

સદર અરજીઓના નિકાલ માટે સંદર્ભ-૨ના અત્રેની કચેરીના પત્રથી શાળાઓને જાણ કરવામાં આવેલ . ત્યાર બાદ પણ અત્રેની કચેરીએથી વારંવાર ટેલિફોનિક સુચનાઓ પણ આપવામાં આવેલ છે. તેમ છતાં શાળા કક્ષાએ વિદ્યાર્થીઓની સ્કોલરશીપની દરખાસ્ત અંગેની કાર્યવાહી પડતર રહેલ છે. સદર બાકી રહેલ વિદ્યાર્થીઓની યાદી આ સાથે સામેલ રાખેલ છે. જે ધ્યાને લઇ સુરત જિલ્લાની તમામ પ્રાથમિક અને માધ્યમિક શાળાઓને ઉપરોક્ત યોજનાની વર્ષ-૨૦૨૩-૨૪ તથા અગાઉના વર્ષની દરખાસ્તો ડીજીટલ ગુજરાત પોર્ટલ પર પોતાની કક્ષાએથી દિન-૨ માં તાત્કાલિક નિકાલ કરવા આપની કક્ષાએથી સુચના આપી સદર બાબતનો અમલ થાય તે અંગે ઘટતુ કરવા વિનંતી.

જો વર્ષ-૨૦૨૩-૨૪ તથા અગાઉના વર્ષ ડીજીટલ ગુજરાત પોર્ટલ પર ડીએક્ટિવેટ થઇ જશે અને વિદ્યાર્થી સ્કોલરશીપથી વંચિત રહી જશે તો તેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહિ. જે જાણવા વિનંતી.

બિડાણ- સંદર્ભ-૨ માં જણાવેલ પત્ર

મદદનીશ કમિશ્નર
આદિજાતિ વિકાસ-સુરત

નકલ સવિનય રવાના-
મદદનીશ કમિશ્નરશ્રી (શિક્ષણશાખા), કમિશ્નરશ્રી આદિજાતિ વિકાસની કચેરી, ગુ.રા.ગાંધીનગર તરફ જાણ સારૂ.

પાપજપીપપ


નંમક/આવિ/ પ્રિ મેટ્રીક /        /૨૦૨૩
મદદનીશ કમિશ્નર આદિજાતિ વિકાસનીકચેરી
સી-બ્લોક છઠ્ઠો માળ બહુમાળી ભવન
નાનપુરા સુરત
ફોન નં./ફેકસ નં. (૦૨૬૧)૨૪૭૬૧૮૧
Mail ID :vosurat@gmail.com


તા. ૨૦/ ૦૯ /૨૦૨૩

પ્રતિ,
આચાર્યશ્રી (તમામ માધ્યમિક શાળાઓ)
જી. સુરત

**વિષય:-** Digital Gujarat Portal **પર ભારત સરકાર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજનાના અમલ બાબત (વર્ષ** 2023-24) (Website: https://www.digitalgujarat.gov.in)

**સંદર્ભ : નિયામક આદિજાતિ વિકાસની કચેરી ગુજરાત રાજ્ય, ગાંધીનગર ના પત્ર નં.** DOTD/0358/08/2023 Dt. 12/09/2023

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ભારત સરકારશ્રીની યોજના અંતર્ગત નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૪ માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ પર ઓનલાઇન અરજીઓ મેળવવા માટે ડિજિટલ ગુજરાત પોર્ટલ ખુલ્લુ મુકવામાં આવેલ છે. તા.૦૨/૦૯/૨૦૨૩ ના રોજ માન.અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના અધ્યક્ષ સ્થાને યોજાયેલ બેઠકમાં મળેલ સૂચના મુજબ વર્ષ : ૨૦૨૩-૨૪ દરમ્યાન ભારત સરકાર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ ધોરણ – ૯ થી ૧૦ ની કામગીરી ૩૦/૦૯/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની થાય છે.

વધુમાં ભારત સરકાર પ્રિમેટ્રીક શિષ્યવૃત્તિ યોજના અન્વયે ભારત સરકાર, આદિજાતિ બાબતોના મંત્રાલય દ્વારા નવીન માર્ગદર્શિકા બહાર પાડેલ છે(આ સાથે સામેલ છે). જે અન્વયે અનાથ બાળક(માતા-પિતા બન્ને હયાત ન હોય તેવા)કિસ્સામાં આવક મર્યાદા ધ્યાને લેવાની રહેશે નહી, તેમજ **નવી ગાઇડલાઇન મુજબ ધોરણ ૯ થી ૧૦માં વિધાર્થીઓનો ફોટો**(jpg format), **આવકનો દાખલો, જાતિનો દાખલો, વાલીનો મોબાઇલ નંબર, છેલ્લે પાસ કરેલ પરીક્ષાની ટકાવારી, હાજરીનાં દિવસો વગેરે ડેટા ફરજીયાત એન્ટ્રી કરવાની રહેશે. અન્યથા દરખાસ્ત SEND કરી શકાશે નહી**, જેની દરેક શાળાઓએ નોંધ લેવી. ઉક્ત બાબતો નિગાહે લઇ દરેક આચાર્યશ્રીઓને ધોરણ- ૯ થી ૧૦ ની ઓનલાઇન દરખાસ્ત કરી જરૂરી ડોક્યુમેન્ટ અપલોડ કરી અત્રેની કચેરીને તાત્કાલિક ધોરણે SEND કરવા જણાવવામાં આવે છે. સદર કામગીરી સપ્ટેમ્બર- ૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાની રહેશે.

રવાનગી કારકુન,
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
જિલ્લા સેવા સદન-૨,
...ઓ-૩, જિલ્લા સેવા સદન-૨,
...... સુરત, જિ. સુરત

**મદદનીશ કમિશનર**
**આદિજાતિ વિકાસ**
**સુરત**

*નકલ સવિનય રવાના :*

પ્રતિ,
(૧) નિયામકશ્રી, આદિજાતિ વિકાસની કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફ જાણ સારૂ.
(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત તરફ જાણ તથા અમલ કરાવવા સારૂ.
(પરિપત્ર વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા સારૂ.)